# 1 અખિલ બ્રહ્માંડમાં



**નરસિંહ મહેતા**

**(સમય : પંદરમું શતક)**

ગુજરાતી ભાષાના આદ્યકવિ નરસિંહ મહેતાનું વતન ભાવનગર જિલ્લાનું તળાજા ગામ. ‘શામળશાનો વિવાહ’, ‘હાર’, ‘હૂંડી’, ‘કુંવરબાઈનું મામેરું’ અને ‘શ્રાદ્ધ’ એમની આત્મચરિત્રાત્મક રચનાઓ છે. નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના ઉત્તમ કોટિના ભક્તકવિ છે. એમણે જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં પદો સર્જીને ગુજરાતી કવિતાને રળિયાત કરી છે. ઝૂલણા છંદમાં લખાયેલાં નરસિંહનાં પ્રભાતિયાં લોકકંઠે વસીને આપણે ત્યાં ચિરંજીવ બન્યાં છે : જેમ કે, ‘ભોળી રે ભરવાડણ’, ‘જળકમળ છાંડી જાને’, ‘જાગને જાદવા’, ‘જાગોને જશોદાના જાયા’... વગેરે. હૃદયસ્પર્શી અને ભાવ નીતરતી એમની કાવ્યવાણી, એની સરળતા અને સહજતાથી, આપણા મનમાં રમી રહે છે.

આ પદમાં નરસિંહ મહેતા ઈશ્વરના સર્વવ્યાપક રૂપની લીલાને વર્ણવે છે. સંસ્કૃતમાં ઉક્તિ છે : ‘એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ’ – એટલે કે પરમાત્મા તાત્ત્વિક રીતે એક જ છે, પણ અનેક રૂપે દેખાય છે. જેમ સુવર્ણ એક છે, પણ એમાંથી ઘડાયેલા અલંકારોનાં નામ જુદાં છે, એ રીતે પ્રભુ આ સૃષ્ટિમાં વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. જ્ઞાનીઓએ રચેલા જ્ઞાનગ્રંથોને સમજવામાં જે ગેરસમજ કરી છે, એને નરસિંહ મહેતા ‘ગરબડ’ તરીકે ઓળખાવીને હસી કાઢે છે. આવા પરમેશ્વરને શાસ્ત્રજ્ઞાન દ્વારા તો ખરા, પણ પ્રેમની પરાકાષ્ઠારૂપે ભક્તિ દ્વારા સરસ રીતે પામી શકાય છે એવી પોતાની પ્રતીતિને આ ભક્તકવિએ અહીં વિવિધ દૃષ્ટાંતો દ્વારા દર્શાવી આપી છે. કવિતા અને તત્ત્વજ્ઞાનનો સમન્વય કરતું એકાત્મભાવનું આ પદ નરસિંહની ચિરંજીવ અને સદા રમણીય-સ્મરણીય કૃતિ છે.

---

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;<br>
દેહમાં દેવ તું, તત્ત્વમાં તેજ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા ! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;<br>
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.

વેદ તો એમ વદે, શ્રુતિસ્મૃતિ શાખ દે : કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;<br>
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.

ગ્રંથે ગરબડ કરી, વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;<br>
મન-વચન-કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ : મન એમ સૂઝે.

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;<br>
ભણે નરસૈયો : એ મન તણી શોધના : પ્રીત કરું, પ્રેમથી પ્રગટ થાશે.

### શબ્દ-સમજૂતી

**અખિલ** આખું, સમસ્ત; **જૂજવે રૂપે** જુદાંજુદાં સ્વરૂપે; **અનંત** જેનો અંત નથી તેવું; **ભૂધરા** ભૂમિને ધારણ કરનાર; **શ્રુતિ** શ્રવણ દ્વારા પ્રાપ્ત કરેલું (અહીં) વેદ; **સ્મૃતિ** (અહીં) વેદ પછીનાં ધર્મશાસ્ત્રો; **કુંડળ** કાનમાં પહેરવાનું એક ઘરેણું; **પટંતર** અંતરપટ, પડદો.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સમગ્ર બ્રહ્માંડમાં કોણ વ્યાપેલું છે?

(2) પરમાત્માએ વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું છે?

(3) 'અખિલ બ્રહ્માંડમાં' કાવ્યમાં વેદ અને સ્મૃતિશાસ્ત્રો શું કહે છે?

(4) કવિના મતે ઈશ્વરને કઈ કઈ રીતે પામી શકાય?

(5) જ્ઞાનગ્રંથો થકી કઈ પરિસ્થિતિ સર્જાઈ છે?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) પરમાત્મા પૃથ્વી પર ક્યાં ક્યાં સ્વરૂપે રહેલો છે?

(2) 'સોનું તો આખરે સોનું જ છે' - એવું શાથી કહી શકાય?

(3) બીજ અને વૃક્ષનો કાર્યકારણ સંબંધ સ્પષ્ટ કરો.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) આ પદમાં નરસિંહ મહેતા પરમતત્ત્વને શી રીતે સમજાવે છે?

(2) સમજાવો :

'ગ્રંથે ગરબડ કરી વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે,
મન-વચન-કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.'

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ પદનું વર્ગખંડમાં સમૂહગાન કરો.
- તમારા શિક્ષક પાસેથી નરસિંહનાં બીજાં પદો 'યુ ટ્યૂબ' કે ઈન્ટરનેટ ઉપરથી મેળવીને સાંભળો.
- શક્ય હોય તો શિક્ષકની મદદથી 'બ્રહ્માંડ' વિષયની વીડિયો ફિલ્મ જોવી.

## ભાષા-અભિવ્યક્તિ

નરસિંહનું આ પદ પ્રસિદ્ધ છે. નરસિંહે અહીં સંવાદની એક લાક્ષણિક રીતિનો સહારો લીધો છે. તમે ધ્યાનથી વાંચશો કે કાવ્યપઠન કે કાવ્યગાન કરશો તો ખ્યાલ આવશે કે સંવાદ આમ તો સીધો પરમાત્મા સાથે છે, પણ આ પરમાત્મા દેહરૂપે સાક્ષાત્ નથી.

સમગ્ર સૃષ્ટિમાં વિવિધ સ્વરૂપે વિદ્યમાન પરમાત્માને કવિ આ પદમાં 'તું' થી સંબોધે છે. ભગવાનને સંબોધવાની કે તેની પ્રાર્થના કરવાની નરસિંહની જુદી જ રીતિ છે.

તમે જોઈ શકશો કે ભગવાનના સ્વરૂપને સમજાવવા નરસિંહને શબ્દની ખોટ સાલતી નથી. તેનો ખ્યાલ 'ઘાટ ઘડિયા પછી...' અને 'ગ્રંથે ગરબડ કરી...' જેવી પંક્તિઓ થકી આવશે. આ ઉપરાંત આ પદની પાંચેપાંચ કડી અને દસેદસ ચરણ ગુજરાતી ભાષામાં અને શાસ્ત્રચર્ચામાં કહેવતરૂપ બની ગયાં છે તો તમે આવી પંક્તિઓ ક્યાં કેવા સંદર્ભે વપરાય છે તેનો ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કરો.

## શિક્ષક-પ્રવૃત્તિ

- મોબાઈલ કે અન્ય ઉપકરણ દ્વારા આ પદ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને સંભળાવો.
- વિદ્યાર્થી સમક્ષ 'જાગીને જોઉં તો જગત દીસે નહિ'એ પદનું  કાવ્યપાઠ કરો અને સમૂહગાન કરાવો.
- વિદ્યાર્થીઓને આપણા બ્રહ્માંડની અનંતતાનો ખ્યાલ આવે એવી પ્રવૃત્તિઓ પ્રયોજો.

•